ગુજરાત રાજ્યની અનુદાનિત આશ્રમશાળાના કર્મચારીઓને પેન્શન / નિવૃતિના લાભો આપવા બાબત.

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

**ઠરાવ ક્રમાંક: અમશ/૧૫૦૭/હા.કો.૧૮/ઘ**

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૪/૦૬/૨૦૧૫

<u>વંચાણે લીધા</u> :-

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૧/૦૧/૧૯૮૬ નો ઠરાવ ક્રમાંક: અમશ/૧૪૮૪/૧૬૨૫/ગ.

(૨) નાણા વિભાગનો તા.૧૬/૦૮/૧૯૯૪ નો ઠરાવ ક્રમાંક: પગર/૧૧૯૪/૪૪/મ.

(3) શિક્ષણ વિભાગનો તા.૦૬/૦૪/૨૦૦૨ નો ઠરાવ ક્રમાંક: ખપશ/૧૧૦૧/સીસી-૩૨૪/ચ.

(૪) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૪/૦૨/૨૦૦૫ ના હુકમ ક્રમાંક: અમશ/૧૪૨૦૦૪/હા.કો.૨૧/ઘ.

(૫) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૩/૦૬/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: અમશ/૧૫૨૦૦૬/૧૨૧૭/ઘ

(૬) નામદાર ગુજરાત હાઇકોર્ટની એલ.પી.એ. નં.૩૩૨/૨૦૦૭ ઇન એસ.સી.એ. નં.૧૧૬૫૧/૨૦૧૪ વીથ એલ.પી.એ. નં.૫૧૬/૨૦૦૭ ઇન એસ.સી.એ. નં.૧૧૬૫૧/૨૦૦૪ વીથ એલ.પી.એ. નં.૬૩૬/૨૦૦૭ ઇન એસ.સી.એ. નં.૧૩૭૪૬/૨૦૦૫ વીથ એલ.પી.એ. નં.૨૫૯૯/૨૦૦૯ નો તા.૨૨/૦૪/૨૦૧૪ નો હુકમ તથા તા.૨૩/૦૬/૨૦૧૪નો હુકમ.

(૭) નામદાર સુપ્રિમકોર્ટનો એસ.એલ.પી. ક્રમાંક: ૧૬૮ થી ૧૭૧/૨૦૧૫ નો તા.૧૨/૦૧/૨૦૧૫નો હુકમ.

<u>આમુખ</u> :-

રાજ્યમાં ચાલતી ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓના શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ, પેન્શન, ગ્રેજયુઇટી તથા અન્ય નિવૃતિના લાભો આપવા

અંગે ગુજરાત રાજ્ય આશ્રમશાળા કર્મચારી સંઘ દ્વારા નામદાર ગુજરાત હાઇકોર્ટમાં સ્પે.સી.એ. નં.૧૧૬૫૧/૨૦૦૪,LPA – ૩૩૨/૨૦૦૭,MCA (For Contempt) ૧૦૬૬/૨૦૧૫ દાખલ કરવામાં આવેલ હતી. તેના ચુકાદામાં નામદાર હાઇકોર્ટે અનુદાન મેળવતી આશ્રમશાળાઓના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓને ઉપર્યુકત કોર્ટકેસના તા.૨૨/૦૪/૨૦૧૪ અને તા.૨૩/૦૬/૨૦૧૪ નાં હુકમથી જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ હેઠળ ચલાવવામાં આવતી ખાનગી અનુદાનિત પ્રાથમિક શાળાઓના શિક્ષકોને જે લાભો જે તારીખથી મળે છે તે મુજબ એટલે કે તા.૦૧/૦૧/૧૯૯૭ થી અનુદાનિત આશ્રમશાળાઓના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓને પણ આ પ્રકારના લાભો ચુકવવા આદેશ થયેલ. તે સામે રાજ્ય સરકારે નામદાર સુપ્રિમકોર્ટમાં એસ.એલ.પી. નં.૧૬૮ થી ૧૭૧/૨૦૧૫ દાખલ કરેલ, જે તા.૧૨/૦૧/૨૦૧૫નાં હુકમથી નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા રદ કરવામાં આવેલ છે.

## ઠરાવ :-

ઉપર્યુકત હકીકત જોતા સંદર્ભ : (૬),(૭) હેઠળના નામદાર હાઇકોર્ટ તથા સુપ્રિમકોર્ટના ચુકાદા અનુસાર સહાયક અનુદાન મેળવતી માન્ય આશ્રમશાળાઓના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓને જીલ્લા શિક્ષણ સમિતિ હસ્તકની ખાનગી પ્રાથમિક શાળાઓના કર્મચારીઓના ધોરણે ઉચ્ચત્તર પગાર ધોરણ, પેન્શન, ગ્રેજયુઇટી તથા નિવૃતિના અન્ય લાભો આપવાની બાબત રાજ્ય સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી. જે કાળજી પૂર્વકની વિચારણા બાદ રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબ નિર્ણય કરવામાં આવે છે :

૧. **આ યોજનાના હેતુ માટે, -**

આ યોજનામાં આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની અનુદાન મેળવતી માન્ય આશ્રમશાળાઓનો સમાવેશ થશે.

૨. **પેન્શનપાત્ર પગાર માટે પગારમાં નીચેની બાબતોનો સમાવેશ થશે :**

(૧) મંજુર કરેલા પગાર ધોરણનો પગાર.

(૨) સુધારેલ પગાર ધોરણોને લીધે પડતી ખોટ નિવારવા મંજુર કરેલ વ્યક્તિગત પગાર.

(3) શૈક્ષણિક કે ધંધાકીય મેળવેલ વધુ લાયકાત માટે વખતો વખતના સરકારી હુકમો પ્રમાણે મંજુર કરવામાં આવેલ વધારાનો પગાર

3. આ યોજનાના અમલીકરણ માટે આશ્રમશાળાના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને પેન્શનપાત્ર ગણવા માટે નીચે મુજબની પુરાવા આધારિત ખરાઈ કરવાની રહેશે :

(૧) શૈક્ષણિક કર્મચારીની ભરતી માટે સરકારશ્રીના જે તે સમયના પ્રવર્તમાન ઠરાવ / પરિપત્ર / માર્ગદર્શક સૂચનાની જોગવાઈઓનો અમલ કરવામાં આવેલ છે કે કેમ ?

(અ) ભરતી માટે વ્યાપક પ્રસિધ્ધિ ધરાવતા દૈનિકપત્રમાં જાહેરાત આપવામાં આવેલ છે કે કેમ ?

(બ) ઉમેદવારોનું ઈન્ટર્વ્યુ પસંદગી સમિતિ દ્વારા લેવામાં આવેલ છે કે કેમ ?

(ક) ઈન્ટર્વ્યુ માટે ક્વોલીફાય થયેલા ઉમેદવાર જે તે સમયના સબંધિત સંસ્થાના સંચાલકના સગા-સબંધી હતા કે કેમ ?

(૨) ઈન્ટર્વ્યુમાં પસંદગી થયેલ ઉમેદવાર, જગ્યાની જાહેરાત મુજબ, શૈક્ષણિક લાયકાત ધરાવતા હતા કે કેમ ?

(3) ઈન્ટર્વ્યુમાં પસંદગી થયેલ ઉમેદવારની નિમણૂંક માટે બહાલી મેળવવામાં આવેલ છે કે કેમ ?

(૪) તા.૦૧/૦૧/૧૯૯૭ના રોજ નોકરીમાં ચાલુ હોય અથવા તે પછી નિમણૂંક પામેલા હોય તેવા શૈક્ષણિક કર્મચારી શિક્ષણ વિભાગ દ્વારા નક્કી કરવામાં આવેલ શૈક્ષણિક લાયકાત તેમજ વખતોવખત નક્કી કરવામાં આવેલ અન્ય લાયકાતો ધરાવતા હતા કે કેમ ? (દા.ત. કોમ્પ્યુટર કૌશલ્ય, ભાષા કૌશલ્ય.)

(૫) તા.૦૧/૦૧/૧૯૯૭ના રોજ નોકરીમાં ચાલુ હોય અથવા તે પછી નિમણૂંક પામેલા હોય તેવા બિન શૈક્ષણિક કર્મચારી માટે સામાન્ય વહીવટ વિભાગ તેમજ નાણાં વિભાગ દ્વારા નક્કી કરવામાં આવેલ શૈક્ષણિક લાયકાત તેમજ અન્ય લાયકાતો ધરાવતા હતા કે કેમ ?

(૬) આ ઉપરાંતની વધુ જરૂરી ચકાસણી અંગે વિભાગ અલાયદી સૂચના બહાર પાડશે.

૪. ઉપર મુજબની જરૂરી ચકાસણી બાદ એરીયર્સની ચુકવણી અંગે નીચે મુજબની પધ્ધતિ અપનાવવાની રહેશે :

(૧) એરીયર્સ તેમજ પગાર અને અન્ય ભથ્થાઓની ચુકવણી કોર બેંકીંગ પધ્ધતિથી કરવાની રહેશે. એટલે કે, કર્મચારીના બેંકના ખાતામાં સીધા જ નાણા જમા થાય તેવી વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

(૨) એરીયર્સ તેમજ પગારની ચુકવણીની સેન્ટ્રલાઈઝડ પધ્ધતિથી મોનિટરીંગ કરવાની પધ્ધતિ વિકસાવવાની રહેશે. (જિલ્લાના અધિકારી દ્વારા કર્મચારીના

બેંકના ખાતામાં નાણા ક્યારે જમા કરાવ્યા તેનું ઓનલાઈન મોનિટરીંગ સિસ્ટમ ઉભી કરવાની રહેશે.)

૫. તા.૦૧/૦૧/૧૯૯૭ થી આશ્રમશાળાના કર્મચારીઓને ગ્રાન્ટ ઇન એઈડ કોડ હેઠળ નિયત થયેલ શિસ્ત અને અપીલ નિયમો લાગુ પાડવાના રહેશે.

૬. શિક્ષણ વિભાગના સંદર્ભ (૩)ના ઠરાવ મુજબ શૈક્ષણિક કર્મચારીને તા.૦૧/૦૧/૧૯૯૭ થી લાભ આપવાનુ ઠરાવવામાં આવે છે. તા.૦૧/૦૧/૧૯૯૭ પહેલા નિવૃત થયેલ શૈક્ષણિક કર્મચારીને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે નહીં. પરંતુ જેઓ, તા.૦૧/૦૧/૧૯૯૭નાં રોજ નોકરીમાં ફરજ પર હોય તેમની અગાઉની સેવાઓ પેન્શનપાત્ર ગણાશે.

૭. અનુદાનિત આશ્રમશાળાઓના પૂર્ણ સમયના બિન-શૈક્ષણિક કર્મચારીઓને તા.૦૧/૦૧/૧૯૯૭ થી લાભ મળવાપાત્ર થશે. તા.૦૧/૦૧/૧૯૯૭ પહેલા નિવૃત થયેલ કર્મચારીને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે નહીં. પરંતુ જેઓ, તા.૦૧/૦૧/૧૯૯૭નાં રોજ નોકરીમાં ફરજ પર હોય તેમની અગાઉની સેવાઓ પેન્શનપાત્ર ગણાશે.

૮. આ યોજનાનો અમલ જુલાઇ-૨૦૧૫થી કરવાનો રહેશે. ચાલુ નાણાકીય વર્ષ 2015-16 ની જોગવાઇ ઉપરાંત ₹ ૫૨.૭૩ કરોડ વધારાની ગ્રાન્ટ આ હેતુ માટે મંજૂર કરવામાં આવે છે. જે સબંધિત સદરે સુધારેલા અંદાજો મુકી મંજૂરી મેળવવાની રહેશે. મંજૂર કરેલ વધારાની ગ્રાન્ટ ₹ ૫૨.૭૩ કરોડ અંગેના વિગતવાર હુકમો પૂરતી ચકાસણી બાદ કરવાના રહેશે.

૯. આ યોજનાના અમલીકરણ માટે રાજય સરકારની તિજોરી પર નાણાકીય બોજ પડતો હોઈ, આ યોજનાના હેતુસર નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭, ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯ અને વર્ષ ૨૦૧૯-૨૦ માટે દર વર્ષ માટે ₹ ૪૮.૦૦ કરોડની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવે છે. જે દર નાણાકીય વર્ષે સબંધિત સદરે અંદાજપત્રિય જોગવાઈ કરી મેળવવાની રહેશે. આ યોજના હેઠળ દર વર્ષની ગ્રાન્ટ પુરતી ચકાસણી કર્યા બાદ વિગતવાર હુકમો કરવાના રહેશે.

૧૦. ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં વિદ્યા સહાયકોની ભરતી અંગે આદિજાતિ વિકાસ વિભાગના તા.૦૩/૦૬/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: અમશ/૧૫૨૦૦૬/૧૨૧૭/ધ થી નિયત કરેલ જોગવાઇ મુજબ કાર્યવાહી કરવાની રહેશે. જયારે બિન-શૈક્ષણિક કર્મચારીઓની સેવાઓ આઉટ સોર્સિંગ એજન્સી મારફત કરાર આધારિત સેવાઓ સામાન્ય વહીવટ

વિભાગના તા.૩૦/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: મકમ/૨૦૦૪/૨૫૩૯/ખ-૩ ના ઠરાવ અને ત્યાર પછીના વખતો વખતનાં સુધારાની જોગવાઇ મુજબ મેળવવાની રહેશે.

૧૧. આ યોજનાના અમલીકરણ માટે વિભાગ દ્વારા વિગતવાર માર્ગદર્શક સુચનાઓ અલગ રીતે બહાર પાડવામાં આવશે.

<u>આ અંગેનો ખર્ચ નીચે મુજબના સદરે ઉધારવાનો રહેશે</u> :

(૧) આદિજાતિ વિકાસ વિભાગ આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૬(આયોજન), મુખ્ય સદર: ૨૨૨૫, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા સદર: ૦૨ અનુસૂચિત જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર: ૧૦ બીસીકે: ૧૭૬ આશ્રમશાળાઓ હેઠળ ઉધારવાનો રહેશે તથા

(૨) માંગણી ક્રમાંક: ૯૩(આયોજન), મુખ્ય સદર: ૨૨૨૫, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા સદર: ૦૨ અનુસૂચિત જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૨૭૭ શિક્ષણ, પેટા સદર: ૧૬ બીસીકે: ૧૭૬ આશ્રમશાળાઓ હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા ૧૬-૬-૨૦૧૫ તથા સરકારશ્રીની તા ૨૪-૬-૨૦૧૫ ની મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જયોતિ કે. પટેલ)
સંયુક્ત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના</u> :-

- રાજ્યપાલશ્રીના સચિવશ્રી.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી.
- સર્વે મંત્રીશ્રીઓ / રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, આદિજાતિ વિકાસ નિગમ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- કાર્યકારી નિયામકશ્રી, EMRS સોસાયટી, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય આશ્રમશાળા સંઘ, C/O, બક્ષીપંચ આશ્રમશાળા, ગડુ, તા.માળિયા (હાટીના), જી.જુનાગઢ – ૩૬૨૨૫૦.
- સર્વે પ્રાયોજના અધિકારીશ્રી, કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, નાણા વિભાગ / સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ / આદિજાતિ વિકાસ વિભાગ / શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ / અમદાવાદ.
- નાયબ સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી, બજેટ, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, તમામ જિલ્લા.
- તિજોરી અધિકારીશ્રી, તમામ જિલ્લા.
- પસંદગી ફાઇલ.
- નાયબ સેકશન અધિકારીશ્રી, સિલેક્ટ ફાઇલ.